| | | |
|---|---|---|
| GJAN090003842024 | | દાખલ તા. : ૨૯/૦૪/૨૦૨૪<br>રજી.લીધા તા. : ૨૯/૦૪/૨૦૨૪<br>ફેંસલ તા. : ૧૦/૦૮/૨૦૨૬<br>અવધિ : ૩ વર્ષ ૧ માસ ૧૩ દિવસ |

=====================================

આંકલાવના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.આંકલાવ

=====================================

ફો. કેસ નં.૨૯૦/૨૦૨૪
આંક :–

ફરીયાદી : સરકારશ્રી

વિરુધ્ધ

આરોપીઓ : (૧) **વિજયભાઈ ગણપતભાઈ મકવાણા**
રહે.કંથારીયા, સી.એન.જી. પેટ્રોલપંપની સામે,
સોમા ફકીરના કુવા પાસે, ખેતરમાં,
તા.આંકલાવ, જી.આણંદ

(૨) **અવનીશ ઉર્ફે રોહિત ક્રિષ્ન મોરારી**
રહે.વડોદરા, કુંભારવાળું ફળીયું,
સમાગામ, ઉર્મિ સ્કુલની પાસે, તા.જી.વડોદરા

---

ગુનો : ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫(ઈ), ૮૧, ૮૩, ૧૧૬(ખ) મુજબ.

---

| | | |
|---|---|---|
| સરકાર તરફે | : | વિ.એ.પી.પી.શ્રી એસ.કે.રાવલ |
| આરોપીપક્ષ તરફે | : | વિ.વ.શ્રી એસ.આર.પરમાર |

---

## –:: ચુકાદો ::–

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદ હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ નાએ તા.૨૮/૦૧/૨૦૨૪ ક.૨૦/૩૦ થી ક.૨૧/૩૦ મોજે. કંથારીયા ગામે ગુજરાત ગેસ એજન્સી સામે, સોમા ફકીરના કુવા પાસે, ખેતરમાં પોતાના આર્થિક ફાયદા સારૂ કબ્જા ભોગવટાના રહેણાંક મકાનની ભારતીય બાજુમાં આવેલ અડારામાં બનાવટની વિદેશી દારૂની કાઉન્ટી કલબ ડીલક્ષ વ્હીસ્કી રાજસ્થાન બનાવટના કાચના કવાટરીયાની પેટીઓ નંગ–૩ કુલ નંગ–૧૪૪ કુલ કિંમત રૂપિયા ૧૪,૪૦૦/–તથા વ્હાઇટલેશ વોડકા ઓરેંન્જ ફલેવર કાચના કવાટરીયાની પેટીઓ નંગ–૭ કુલ નંગ–૩૩૬ કુલ રૂપિયા ૩૩,૬૦૦/– મળી કુલ્લે રૂપિયા ૪૮,૦૦૦/– નો પ્રોહી મુદામાલ વેચાણ કરવા સારૂ દેખરેખ હેઠળ રાખી પોતે ઘરે હાજર નહિ મળી આવી પાછળથી પકડાઇ જઇ સદર પ્રોહી આરોપી નં.૨ નાઓએ વેચાણ કરવા સારૂ પુરો પાડી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરેલ હોય, ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫(ઈ), ૮૧, ૮૩, ૧૧૬(ખ) મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. સદર ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારે તપાસ પૂર્ણ કરી અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આરોપીઓને સમન્સ કરતા અને જે બજી જતા આરોપીઓ હાજર થયેલ અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપેલ છે. સદર કામે આંક–૦૪ થી આરોપીઓ સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આરોપીઓની આંક–૦૫, ૦૬ થી પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં, સદરહું કામના આરોપીઓ વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવા :–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | પંચ સાહેદ યુસુફ અભેસંગ રાજનીજુબાની | ૧૬ |
| ૦૨ | પંચ સાહેદ કનુભાઇ ગુલાબસિંહ મહીડાની જુબાની | ૧૮ |
| ૦૩ | ત.ક.અ.શ્રી જાલમસિંહ મસુરસિંહ પરમારની જુબાની | ૨૪ |
| ૦૪ | ફરીયાદી એ.એસ.આઈ. ઘનશ્યામસિંહ ઉત્તમસિંહ સેંગરની જુબાની | ૨૭ |

## દસ્તાવેજી પુરાવા :-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | મુદ્દામાલ કબજે લીધેલાનું પંચનામું | ૧૭ |
| ૦૨ | ફરીયાદ | ૨૫ |
| ૦૩ | એફ.એસ.એલ. રવાનગી પત્રક | ૨૬ |

(૪) ફરીયાદપક્ષ તરફે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે લેખીત દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી પરથી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ નહિ આવતાં આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ઉભયપક્ષે દલીલો સાંભળવામાં આવી.

(૫) ઉપરોકત હકીકતે કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ સારૂં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

**:: મુદ્દા ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ નાએ તા.૨૮/૦૧/૨૦૨૪ ક.૨૦/૩૦ થી ક.૨૧/૩૦ મોજે. કંથારીયા ગામે ગુજરાત ગેસ એજન્સી સામે, સોમા ફકીરના કુવા પાસે, ખેતરમાં પોતાના આર્થિક ફાયદા સારૂ કબ્જા ભોગવટાના રહેણાંક મકાનની ભારતીય બાજુમાં આવેલ અડારામાં બનાવટની વિદેશી દારૂની કાઉન્ટી કલબ ડીલક્ષ વ્હીસ્કી રાજસ્થાન બનાવટના કાચના કવાટરીયાની પેટીઓ નંગ-૩ કુલ નંગ-૧૪૪ કુલ કિંમત રૂપિયા ૧૪,૪૦૦/-તથા વ્હાઇટલેશ વોડકા ઓરેંન્જ ફલેવર કાચના

કવાટરીયાની પેટીઓ નંગ–૭ કુલ નંગ–૩૩૬ કુલ રૂપિયા ૩૩,૬૦૦/– મળી કુલ્લે રૂપિયા ૪૮,૦૦૦/– નો પ્રોહી મુદામાલ વેચાણ કરવા સારૂ દેખરેખ હેઠળ રાખી પોતે ઘરે હાજર નહિ મળી આવી પાછળથી પકડાઇ જઇ સદર પ્રોહી આરોપી નં.ર નાઓએ વેચાણ કરવા સારૂ પુરો પાડી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરેલ હોય, ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫(ઈ), ૮૧, ૮૩, ૧૧૬(ખ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

ર. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્ધાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

ર. આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

➢ **<u>મુદ્ધા નં.૧ અને ર :–</u>**

(૭) ફરીયાદ પક્ષે મુદ્ધામાલ કબજે કરેલાનું પંચનામું આંક–૧૭ થી રજૂ કરેલ છે. સદર પંચનામાના પંચ સાહેદ યુસુફ અભેસંગ રાજને આંક–૧૬ થી તથા પંચ સાહેદ કનુભાઈ ગુલાબસિંહ મહીડાને આંક–૧૮ થી તપાસેલા છે. સદર પંચ સાહેદોની જુબાની વંચાણે લેતાં તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવે છે. પંચનામાની વિગતો અંગે તેઓને કોઈ માહિતી ન હોવાનું ફલિત થાય છે. સદર પંચસાહેદો ફરી ગયેલા છે અને વિ.એ.પી.પી.શ્રીની વધુ તપાસમાં પણ ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી જુબાનીઓ આપતા નથી. આ સંજોગોમાં પંચનામાની વિગતો પુરવાર થતી ન હોય મુદ્ધામાલ આરોપીઓના કબજામાંથી મળી આવ્યાની હકીકત શંકાસ્પદ બને છે, જેનો લાભ આરોપીઓને મળવાપાત્ર બને છે.

(૮) ફરીયાદપક્ષે ફરીયાદી ત.ક.અ.શ્રી જાલમસિંહ મસુરસિંહ પરમાર નાઓને આંક–૨૪ થી તપાસી આંક–૨૫ થી ફરીયાદ, આંક–૨૬ થી એફ.એસ.એલ. રવાનગી પત્રક રજૂ કરેલ છે, જયારે ફરીયાદી

એ.એસ.આઈ. ઘનશ્યામસિંહ ઉત્તમસિંહ સેંગરને આંક–૨૭ થી તપાસવામાં આવેલ છે. અત્રે એ નોંધ લેવી ઘટે છે કે, હાલના કામે તપાસનીશ અધિકારીએ પોલીસ સાહેદો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદનો લીધેલ નથી તેમજ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન કારક પુરાવો આપેલ છે, પરંતુ બંને પંચ સાહેદોએ ફરીયાદ પક્ષની તરફેણમાં લેશમાત્ર પુરાવો આપેલ નથી, પંચ સાહેદોએ માત્ર પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે. આમ, ત.ક.અ.શ્રી ના પુરાવાને બંને પંચ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. વધુમાં બનાવવાળી જગ્યાની પરિસ્થિતિ જોતાં સ્વતંત્ર સાહેદો સહેલાઈથી ઉપલબ્ધ થઈ શકે તેમ હતા, તેમ છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આમ, આ કામે તટસ્થ અને સ્વતંત્ર સાહેદી પુરાવાનો અભાવ છે. સદરહું કામે પોલીસ સાહેદોની જુબાનીને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી કોઈ સમર્થન મળેલ નથી તેમજ બંને પંચ સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષને લેશમાત્ર સમર્થન મળતુ નથી, એવા સંજોગોમાં માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમજ પંચોની હાજરીમાં પંચનામામાં જણાવેલ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું ફરીયાદ પક્ષના પુરાવાથી સાબિત થતું નથી.

(૯) આમ, સદરહું સાહેદોનો પુરાવો લક્ષમાં લેતાં, આરોપીઓના કબ્જામાંથી ફરીયાદ પક્ષના કેસ મુજબ મુદ્દામાલ ઈંગ્લીશ દારૂની બોટલો મળી આવેલાનું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમાં સદરહુ ગુનો ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧, ૮૩, ૧૧૬(ખ) મુજબનો ગુનો છે. ગુનામાં કબજે લીધેલ મુદ્દામાલ પર ભારતીય બનાવટની વિદેશી દારૂ અંગે કાયદામાં કલમ–૧૧૬ (ખ) હેઠળ જે અનુમાન મુકવામાં આવેલ છે તેવું અનુમાન ત્યારે જ થઈ શકે કે જયારે આરોપીઓની ગુનામાં સક્રિય ભૂમિકા પ્રસ્થાપિત થયેલ હોય અને મુદ્દામાલ ઈંગ્લીશ દારૂના જથ્થાનો કબજો આરોપીઓ પાસે હોવાનું પુરવાર થયેલ હોય હાલના કામે અગાઉ કરેલ ચર્ચા મુજબ જોતાં મુદ્દામાલ કબજે કરેલ પંચનામું તેના સ્વતંત્ર એવા પંચ સાહેદોના સોગંદ ઉપરના પુરાવાથી પુરવાર થઈ શકેલ નથી અને વધુમાં કબજે લેવાયેલ મુદ્દામાલ દારૂના

જથ્થા ઉપરના સીલ ઓરીજીનલ હોવા અંગે તપાસ અધિકારીએ કોઈ તપાસ કરેલ હોય તેમ જણાતું નથી.

(૧૦) હાલના કામે કેસની હકીકત જોવામાં આવે તો, ફરીયાદ પક્ષે પોતાનો કેસ યોગ્ય રીતે સાબિત કરવા માટે ગુનાવાળી જગ્યાની આજુબાજુમાંથી ઘણા સ્વતંત્ર વ્યક્તિઓને સાહેદ તરીકે તપાસના કામે તપાસી શક્યા હોત અને તેમ કરવાથી તેઓ પોતાનો કેસ વધુ સારી રીતે સાબિત કરી શક્યા હોત. પરંતુ હાલના કામે તેવુ કાંઈ કરવામાં આવેલ નથી જે શંકાને સ્થાન આપે છે. આમ, સદર કેસની ન્યાયિક કાર્યવાહીના અંતે ફરીયાદ પક્ષના કેસમાં ઘણી ક્ષતીઓ અને વિરોધાભાસી હકીકતો જણાઈ આવે છે. આમ, તમામ હકીકતો ધ્યાને રાખતા આરોપીઓ વિરુધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે.

(૧૧) ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ વંચાણે લેતાં ફરીયાદ પક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદ પક્ષના શીરે છે, પરંતુ હાલના કામે તમામ હકીકતો, સંજોગો તથા રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંક પણે સાબિત કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ હોવાનું તથા ક્રિમીનલ જયુરીસ્પુડન્સના સિધ્ધાંત મુજબ મળવા પાત્ર શંકાનો લાભમેળવવા આરોપીઓ હકદાર થતા હોવાનું અત્રેની અદાલતનું નમપણે માનવું છે. જેથી તેનો લાભ આરોપીઓને મળવા પાત્ર હોય, ઉપરોકત મુદ્દા નં.૧ નો જવાબ 'નકાર' માં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપી નં.(૧) વિજયભાઈ ગણપતભાઈ મકવાણા, રહે.કંથારીયા, સી.એન.જી. પેટ્રોલપંપની સામે, સોમા ફકીરના કુવા પાસે, ખેતરમાં, તા.આંકલાવ, જી.આણંદ, આરોપી નં.(૨) અવનીશ ઉર્ફે રોહિત ક્રિષ્ન મોરારી, રહે.વડોદરા, કુંભારવાળું ફળીયું, સમાગામ, ઉર્મિ સ્કુલની પાસે, તા.જી.વડોદરા નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧, ૮૩, ૧૧૬(ખ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી

શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાત મુચરકો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭ એ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

હુકમ, આજરોજ તારીખ : ૧૦, માહે : ઓગષ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૮/૨૦૨૬
સ્થળ : આંકલાવ

**(એ.બી.સિંઘવી)**
જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
આંકલાવ
જજ કોડ જી.જે.૦૧૫૮૬

(M.M.Pathan)
Stenographer